GSECL

GMDC
FUELING THE GROWTH

જુલાઈ-૨૦૨૨
અંક - ૪૮

# અરુણોદય



**સંપાદકીય બોર્ડ**

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

## અનુક્રમણિકા

- અષાઢી બીજ
- મથામણ...!
- આજની ઇજ્જત કરો તો આવતીકાલ તમારી હશે
- મારી કામગીરીનું ઓડિટ મારી જાતે
- કેવળ એક પૃથ્વી
- સાચો આત્મ સંતોષ
- શાળાની પ્રવૃત્તિઓ

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" જુલાઈ- ૨૦૨૨ ,અંક-૪૮ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# અષાઢી બીજ



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

કોટે મોર ટહુક્યા, વાદળે ચમકી વીજળી
મારા રુદાને રાણો સાંભરે
આવી અષાઢી બીજ



લોકસાહિત્યકારોએ પોતાની રચાનોમાં અષાઢ મહિનાને ખૂબ ખૂબ બિરદાવ્યો છે એવો અષાઢ માસ ઓળઘોળ બની અવનિ પર અનરાધાર વરસે છે. માનવ જીવનને આનંદિત કરે છે. સાથો સાથ અષાઢીબીજ ના દિવસે નીકળતી રથયાત્રા ધર્મજીવનને પણ બળવત્તર બનાવે છે. અષાઢીબીજના દિવસે રથયાત્રાનું ખૂબજ મહત્વ છે. સૌથી મોટી રથયાત્રા જગન્નાથપૂરીમાં નીકળે છે. અમદાવાદમાં પણ વિશાળ રથયાત્રા દ્દ્વારા જગતનો નાથ ભક્તોના આંગણે જઈ દર્શન આપે છે. રથયાત્રાતો ઘણી જગ્યાએ નીકળે છે પણ અમદાવાદ અને જગન્નાથપૂરીની રથયાત્રાનો કંઈક વિશેષ મહિમા છે.

કળયુગમાં ભારતમાં પાવન તીર્થધામ તરીકે ઓળખાતા ધામોમાં જગન્નાથપૂરી પણ એક છે. નવ દિવસ સુધી ચાલતી જગન્નાથપૂરીની રથયાત્રામાં દર વર્ષે ત્રણ વિશાળ રથોમાં ભગવાન જગન્નાથજી , દાઉ બલરામજી અને નાની બહેન સુભદ્રાજી રથમાં બિરાજે છે અને નગર યાત્રાએ નીકળે છે . દેવરાજ ઈન્દ્રએ જગન્નાથજીના રથને આપેલુ નામ 'નંદીઘોષ' , દાઉનાં રથનું નામ 'તાલ ધ્વજ ' અને સુભદ્રાજીના રથનું નામ 'પદ્મ ધ્વજ' છે.

આ ઉત્સવ માટે વિવિધ કથાઓ પ્રચલિત છે. જેમાંની એક આ પ્રમાણે છે. કંસના આમંત્રણથી કૃષ્ણ અને બલરામ રથમાં બેસીને અક્રૂરજી સાથે મથૂરા પધાર્યા હતા તેથી તે દિવસે ભગવાન કૃષ્ણનું જગત કલ્યાણ અર્થેના કાર્યની શરૂઆત હતી તે પ્રસંગને યાદ કરતાં રથયાત્રાનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

જગન્નાથપૂરીની કથા અનુશાર ત્યાંના રાજાને એક વિશાળ લાકડું તેના ગામની નદી માંથી મળેલું તે રાજા વિચારવા લાગ્યો કે આ વિશાળ લાકડાનું શું કરવું ? તે રાત્રીએ ભગવાન કૃષ્ણએ સ્વપ્નમાં આવીને કહયું કે આ લાકડા માંથી મારી મૂર્તી બનાવનાર એક શિલ્પકાર સામે ચાલીને તારી પાસે આવશે તેને તુ આ લાકડું સોંપી દેજે. બીજે દિવસે સ્વપ્ન અનુસાર એક શિલ્પકારે આવીને રાજા પાસે એ લાકડાની માંગણી કરી ,કહ્યું કે

મહારાજ હું 21 દિવસ એકાંતમાં રહી આ લાકડામાંથી મૂર્તિ બનાવીશ પણ જ્યાં સુધી આ લાકડામાંથી મૂર્તિ ના બનાવી લઉં ત્યાં સુધી મને એકાંત માંથી બહાર આવવા ન કહેવું. રાજાએ વાતને માન્ય રાખી. પણ 16 માં દિવસે જ રાજાએ કૂતુહલતાવશ તે શિલ્પકારનો દરવાજો ખોલી નાખ્યો ત્યારે ત્યાં ધડ અને મસ્તક સહિત હાથપગ વગરની શ્રી બલરામ , શ્રી કૃષ્ણ અને શુભદ્રાજીની મૂર્તિ જોઇ અને શિલ્પકાર અદ્રશ્ય થઇ ગયો . એટલા માટે રથમાં મૂકવામાં આવતી બલરામજીની , શ્રી કૃષ્ણની અને સુભદ્રાજીની મૂર્તિ માત્ર મસ્તક અને ધડ વાળી હાથપગ વગરની હોય છે. રાજાએ ધીરજ ન રાખી એ માટે એને ખૂબ પસ્તાવો થયો તે રડવા લાગ્યો ત્યારે ભગવાન કૃષ્ણ એ કહ્યું તું અમારી આ જ સ્વરૂપમાં પૂજા કર. રાજાએ પ્રભુની એ વાત માન્ય રાખી અને એણે રથયાત્રા કાઢી. પોતાના પ્રભુને પધરાવ્યા પછી ભક્તિ આનંદને વશ થઇ અશ્વ જોડવાને બદલે પોતે જ રથ ખેંચવા લાગ્યો. ત્યારથી તે આજસુધી નાતજાતના ભેદભાવ વગર દરેક ભક્ત સ્વહસ્તે ભગવાન જગન્નાથજીના રથને ખેંચે છે. કહેવાય છે કે જે ભક્ત ભગવાનના રથનું દોરડું ખેંચે છે ભગવાન જગન્નાથજી તેના જીવન રથનું દોરડું ખેંચે છે.



શાંતિ વધે હેત વધે ,
વધે દયાભાવ ,
વધે મેણીજો સહયોગ ,
હીજ અસાંજી શુભેચ્છા .
આય ભાય ભેણે કે ,
કચ્છી નયે વરે જી,
લખ લખ વધાઈયું,
આવઈ પાંજી,
કચ્છી અષાઢી બીજ.



કચ્છ પ્રદેશના પ્રજાવત્સલ અને સૌંદર્ય ઉપાસક રાજવી લાખાફૂલાણીએ અષાઢી બીજથી કચ્છી નવા વર્ષની શુભ શરૂઆત કરેલી . ત્યારથી કચ્છી માડુઓ આ દિવસને નૂતનવર્ષ તરીકે ઉજવે છે.

જામ લાખો ફૂલાણી વિચારવંત રાજવી હતો. જ્યાં સુધી મનનું સમાધાન ન થાય ત્યાં સુધી તેને શાંતિ ન થતી. એકવાર એના મનમાં વિચાર આવ્યો કે પૃથ્વીનો છેડો કયાં હશે. થોડાક સાહસિક બહાદુર યુવાનોને સાથે લઈને પૃથ્વીના છેડાની શોધમાં નીકળી ગયો. ચોમેર ઘૂમી વળ્યો આખરે આ પ્રતિશોધમાં વીજયી ન બન્યો. જામ લાખાને પરત આવવું પડયું. એ સમયે અષાઢ માસ શરૂ થયેલો. સારા વરસાદથી વનરાજી ઠેર ઠેર ખીલી ઉઠેલી. એ જોઇ તેનું મન અતિ પ્રસન્ન થઇ ગયું. કચ્છનું નવું વર્ષ અષાઢી બીજથી શરૂ કરવા સમગ્ર કચ્છમાં ફરમાન મોકલ્યું. ત્યારથી કચ્છમાં અષાઢી બીજને નૂતનવર્ષ તરીકે ઉજવવામાં આવે છે.





# મથામણ...!





હરિસિંહ સોઢા
સેક્શન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)




ગાંડાબાવળના
મોટા થડ-શાખા-પ્રશાખાઓના
ડબલપટ્ટી ડામર રોડ પર
મકોડા ટ્રાફિકજામ કરી મૂકે છે
'એ ભાઈ તેરે બાપ કા રોડ હૈ ક્યા ?'
ધાંધલ-ધમાલ થાય એ પહેલા સિગ્નલ ખુલી જાય છે ને
ટ્રકો ચાલી જાય છે સુરજબારી પુલની પેલે પાર...
છ-આઠ-બાર ટાયરવાળા લેલનનાં
સ્ટિયરિંગ પર કસાયેલો હાથ ફરે છે,
બીજા હાથમાં પકડેલી 'ટેલીફોન બીડી'ના ધુમ્ર-ગોટા
પીળા દાંત વચ્ચેની કેસરી જબાન સાથે સાયુજ્ય સાધી,
અજરખમાં અર્ધ-વીંટલાયેલા માથા પરથી ચક્કર ચક્કર ફરીને
બારીમાંથી બહાર ફેલાય છે ને
ડીઝલના ધુમાડા સાથે ભળી જાય છે !
હસ મત પગલી પ્યાર હો જાયેગા,
જલો મગર દીપક કી તરહા ને
બુરી નજરવાલે તેરા મુંહ કાલા જેવા
તત્વજ્ઞાનના સુત્રો કાળા ભમ્મર રોડ પર દિનરાત ચાલ્યા કરે છે
લાલ મોટી ઉજાગરે સુઝેલી આંખે !
પેટ માટે વેઠ કરતા મકોડા,
જિંથરેહાલ વાળ-દાઢીમાં ભરાયેલી 'કોલ-એશ' ખંખેરીને
ડાહ્યા શેઠનું ગજવું ભર્યા કરે !
ભૂખ,તરસને ગજવામાં ઘાલી
ઠાલા ઠુંઠા ચુસ્યા કરે લુધિયાણા,સોલન કે શિવાકાસી સુધી
પરસેવાથી લથબથ રસ્તા ,ફાટેલ સ્પીકરો સાથે
ઘોઘરા કંઠે 'રોણા શહેરમાં...' ગાન ગણગણ્યા કરે છે ને,
ગળામાં બાંધેલ દિલડાવાળા ચાંદીના લૉકેટના અડધિયામાં
લગન વખતનું કીડીનું મુખડું મલક્યા કરે છે !
દર-આંગણે દહાડા ગણતી કીડી







ગમા-અણગમાને રંગબેરંગી ધડકીમાં સીવીને વેચી નાખે
ને
કંટાળાને કાંત્યા કરે છે ચરખે
ગોળ ગોળ,
ટ્રકનું ટાયર ફર્યા કરે ધુળિયે મારગ ને
જીવતર પર પડેલી ધૂળને ખંખેરતી રહે છે હરપળ,
આદમ-ઈવના સમયથી
સારા ભવિષ્યની શોધમાં !
ગાંડા બાવળના...રોડ પર



# આજની ઈજ્જત કરો તો આવતીકાલ તમારી હશે



**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક

આપણી ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે, 'લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા ના જવાય.'અર્થાત- જ્યારે તક મળે ત્યારે એનો ઉપયોગ તત્ક્ષણ કરી લેવો જોઈએ.

તક એ આજે જ ઝડપી લેવાની ચીજ છે. એ વખતે એના સારા નરસા પાસા જોવામાં પડીએ, પરિણામોનું મુલ્યાંકન કરવામાં સમય બગાડીએ તો એ ચાલી જાય છે. તક એ ચાંદલો કરવા આવેલી લક્ષ્મી છે. એને તમારે આજે જ ઝડપી લેવાની છે. તકએ 'આજ'ની સુંદર ઘડીનું જ નામ છે. તક એ 'આજ'ની સારામાં સારી ક્ષણનું નામ છે.

ઘણા લોકો આજનો ઉપયોગ નથી કરતાં. પોતે વર્તમાન સમય સાચવતા નથી અને વર્તમાન સાચવીને આગળ આવેલા લોકોને એમ કહે છે કે, એ લોકો નસીબના જોરે આગળ આવ્યા છે. ખરેખર નસીબ એમણે આજની ઘડીનો ઉપયોગ કરીને ઘડ્યુ હોય છે. એ લોકો એ પણ જો આજની ઈજ્જત કરી હોત તો આવતીકાલ એમની હોત. એ લોકો પણ જો આજને શણગારત તો આવતીકાલ એમને શણગારત. નસીબ ઘડવું હોય તો આજની ઘડીનો ઉપયોગ કરો. નસીબ ઘડવું હોય તો આજની ઘડીને ઓળખને એને વધાવી લો.




# મારી કામગીરીનું ઓડિટ મારી જાતે



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

એક યુવાન એક પબ્લિક ટેલિફોન બૂથ પરથી કોઈને ફોન લગાવી રહ્યો હતો.વારંવાર પ્રયાસ કરવા છતાં ફોન લાગતો ન હોતો. ટેલિફોન બૂથની બાજુમાં કેટલાક લોકો પણ પોતાનો વારો આવે એની રાહ જોઈ રહ્યા હતા. કોઈએ તો આ યુવાને કહ્યું પણ ખરું કે "ના લાગતો હોય તો પછી કરજો ને ! પ્લીઝ અમારો વારો આવવા દો " પેલા. યુવાને વિનંતી સાથે કહ્યું ." એક વાર પ્રયાસ કરી લઉં " અને એનો ફોન લાગી ગયો. એના ચહેરા પર આનંદ નો ભાવ જોઈને આસપાસ ઉભેલા લોકોને પણ ખબર પડી કે ફોન લાગી ગયો છે.

સામે વાત કરનારા કોઈ મોટા શેઠાણી હતા.આ યુવાને શેઠાણી સાથે વાત શરૂ કરી " નમસ્કાર મેડમ, મને મિસિસ શર્માએ આપના નંબર આપ્યા છે.મેં સાંભળ્યું છે કે આપના બાળકો ની સાર સંભાળ રાખનાર એક એટેન્ડન્ટ ની જરૂર છે"

"ના ભાઈ અમારે કોઈ એટેન્ડન્ટ ની જરૂર નથી" ,

"તો પછી આપના નાના બાળકોનું ધ્યાન કોણ રાખે છે?આપ તો આપના બિઝનેસમાં સતત વ્યસ્ત હોવ છો?"

"અરે ભાઈ તારે એ ચિંતા કરવાની જરૂર નથી કારણકે મેં આ માટે એક યુવાનને રાખ્યો જ છે એ બહુ સરસ રીતે પોતાની ફરજ નિભાવે છે"

"પણ મેડમ મને નોકરીની ખુબજ જરૂર છે અને આપ મને અત્યારે કામ કરનારને જેટલો પગાર આપો છો એના કરતા ઓછો પગાર આપશો તો પણ ચાલશે.

"અરે ભાઈ તમે કેમ સમજતા નથી.અત્યારે જે યુવાન કામ કરે છે એ પૂરી નિષ્ઠાથી કામ કરે છે.એ મારા ઘરનો નોકર નહીં મારા પરિવારનો સભ્ય છે અને મને એના ઉપર પૂરો વિશ્વાસ છે.મારું આખું ઘર હું એના હવાલે કરીને કોઈપણ જાતની ચિંતા વગર બહાર જઈ શકું છું".

"પણ મેડમ હું પણ એવી રીતે જ કામ કરીશ .આપ મારા વિશે મિસિસ શર્મા ને પૂછી શકો છો"

"ભાઈ મારે કોઈને પૂછવું નથી અને મારે કોઈ નોકર ની જરૂર નથી.મહેરબાની કરીને હવે ફોન ન કરતા".

યુવાન સાથે વાત કરનાર શેઠાણીએ ફોન કાપી નાખ્યો.પેલો યુવાન ફોન મૂકીને બહાર આવ્યો. ટેલિફોન બૂથ ની બહાર આ વાત સાંભળી રહેલા લોકોને આ યુવાન પર દયા આવી,પેલા યુવાનનો ચહેરો તો કોઈ અપરિચિત આનંદ થી ચમકી રહ્યો હતો.બહાર ઊભેલા લોકોને આશ્ચર્ય થયું એટલે આ યુવાનને પૂછ્યા વગર ન રહી શક્યા"અરે ભાઈ તને નોકરીની ના પાડી દીધી તો પણ કેમ આનંદમાં "..

પેલા યુવાને તો હસતા હસતા કહ્યું," આ શેઠાણીનો નોકર હું પોતે જ છું.આ તો મારી સેવાથી મારા શેઠાણી સંતુષ્ટ છે કે કેમ તે જાણવા માટે જ ફોન કરવા આવ્યો હતો ".

આપણે બધા પણ આપણને સોંપવામાં આવેલું કામ કરીએ જ છીએ, પરંતુ ક્યારેય આપણે આપણી પોતાની સેવાનું ઓડિટ પોતાની જાતે કર્યુ છે ખરું ?મારી સેવાની ગુણવતા કેવી છે એની ક્યારેય ચકાસણી કરી છે ખરી ? માણસે દરરોજ પોતાના આચરણ નુ અવલોકન કરતા રહેવું જોઈએ.



# કેવળ એક પૃથ્વી



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

જે રીતે આપણને જન્મ આપનારી માં વંદનીય અને પૂજનીય છે મહાન છે. તેવી જ રીતે આપણું પાલન પોષણ કરતી ધરતી ને પણ માં ની જ ઉપમા આપવામાં આવી છે. કેટ કેટલાયે આઘાતો – પ્રત્યાઘાતો સહન કરતી આ પૃથ્વી ખરેખર સહનશીલતાનો આદર્શ ગણી શકાય.

કેવળ પૃથ્વીજ એવો ગ્રહ છે જ્યાં તમામ જીવો સુખ , શાંતિ અને સમાધાન મેળવે છે તો વળી પૃથ્વીને કેવળ એક ગ્રહ કે ગોળો કહી તેનું મુલ્ય આંકીએ તે તદ્દન વાજબી નથી કારણ પૃથ્વી જીવનનો આધારસ્તંભ છે. વૈદિક કાળથી પૃથ્વીને આપણે માતા તરીકે પૂજીએ છીએ. માતૃભૂમિ , જન્મભૂમિ અને અમારા રાષ્ટ્રની ભૂમિમાં અમારું પાલન પોષણ થયું છે માટે જ પૃથ્વી ને વિષ્ણુ પત્ની કહી છે.

દેશની માટી પરનો પ્રેમ ભાવનાત્મકતા , રાષ્ટ્રીયતા નિર્માણ કરે છે. પૃથ્વી માતાનું દર્શન માનવમાં ભાવ પ્રેમ સંવર્ધન કરનારું છે. અથર્વવેદમાં તો કહેવાયું છે ...

माता भूमि पुत्रोहं पृथिव्या : |
नमो माता पृथिव्ये , नमो माता पृथिव्ये ||

22મી એપ્રિલ ' પૃથ્વી દિવસ ' તરીકે ઊજવાય છે. આમ તો દરેક દિવસ પૃથ્વી દિવસ છે કારણ પૃથ્વીના આપણાં ઉપર અનંત ઉપકારો છે તેની ઊજવણી ફક્ત એક દિવસ કરીને તેનું ઋણ ચૂકવી શકાય તેમ નથી . સતત આપતી રહેલી આ ધરતીમાં અગાધ , સહ્રદયતા,નિર્મળતા , પરોપકારિતાના ગુણો આપણને જોવા મળે .

ભાવિ પેઢીને સ્વસ્થ પૃથ્વી સોંપવા માટેની શરૂઆત આપણાથી જ થાય તે અંત્યત જરૂરી છે. પૃથ્વી પરની તમામ કુદરતી સંપતિનો બુધ્ધિ પૂર્વક , યોગ્ય માર્ગે ઉપયોગ કરી અમૂલ્ય વારસાને બચાવવો એ માનવ માત્રની નૈતિક ફરજ છે.

પર્યાવરણને હાનિ પહોંચાડતી તમામ પ્રવૃતિઓ ઉપર નિયંત્રણ રાખવું એ પણ એટલું જ આવશ્યક છે. કુદરતી તત્વોની જાળવણી કરીએ એટલે આપોઆપ પૃથ્વી નું પણ જતન થશે. પૃથ્વીની ફળદ્રુપતા ને હાનિ પહોંચાડનાર ઈ-વેસ્ટ તેમજ પ્લાસ્ટિકની જગ્યાએ હવે બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકના પ્રયોગો થઇ રહયા છે. જે સમયાંતરે પૃથ્વીની સુરક્ષા પાછળનું એક રોકાણ સાબિત થશે. પરંતુ તેના માટે માનવ સંશોધનોનો શ્રેષ્ઠ ઉપયોગ અને સંપૂર્ણ માનવ સહકાર પણ એટલોજ જરૂરી છે. કારણ પૃથ્વીને સૌથી વધુ હાનિ પહોંચાડનાર પણ માનવ જ છે. પોતાના સ્વાર્થ ખાતર માનવ પર્યાવરણને નુકશાન પહોંચાડે છે. સતત વ્યસ્ત રહેતા માનવ પાસે નિરાંતે બેસીને પૃથ્વી વિશે વિચારવાનો સમય છે ખરો ?

પૃથ્વી જાણે પોકારી રહી છે :

"તમેં મને બચાવો
હું તમને બચાવીશ."

પૃથ્વીને ફરી નંદનવન બનાવવા માટે આપણે સૌ કટિબધ્ધ બનીએ અને એક ઉન્નત માનવ બની ધરતી માતાના ઋણને ચૂકવવાનો નિ:સ્વાર્થ પ્રયત્ન કરીએ.



# સાચો આત્મ સંતોષ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

મનુષ્યની શ્રેષ્ઠ મૂડી એટલે સંતોષ . માનવની અમર્યાદિત જરૂરિયાતો સામે તેને સંતોષવાના સાધનો મર્યાદિત છે. સાધનો મર્યાદિત હોવા છતાં ઘણી વખત માનવ પોતાની બિનજરૂરી જરૂરિયાતો ને અગ્ર સ્થાન આપી સંતોષવા પ્રયત્ન કરે છે. એવા માનવને હંમેશા કંઇક ખૂટે છે એવું લાગ્યા કરે છે.

કહેવત છે : 'સંતોષી નર સદા સુખી ' જેણે જીવનમાં સંતોષને પોતાનું આભુષણ બનાવ્યું છે તેવા લોકો ખરેખર મહાન છે. જીવનમાં સંતોષ આત્મસાત કરવો એ પણ કઠિન સાધના જ છે. જેવા તેવા નું કામ નથી.

જૂના સમયની વાત છે. સમ્રાટ સિકંદર ના સેનાપતિ ખઉદાપરસ્ત સાફ દિલ અને સેવાભાવી વ્યક્તિ હતા. એકવાર કોઇ વાતથી નારાજ થઇને સિકંદરે તેની સેનાપતિ પદેથી હટાવી એક નાનકડી જાગીરનો જાગીરદાર બનાવી દીધો. સેનાપતિએ ખુદાની મરજી સમજી પોતાનું કર્તવ્ય નિષ્ઠાથી નિભાવવાનું શરૂ કરી દીધું .

એક વખત કોઇ કાર્ય વશાત ખઉદાપરસ્ત સમ્રાટને મળવા આવ્યો. સિકંદરે વિચાર્યું કે તે ખુબ ઉદાસ અને પરેશાન હશે પરંતુ તેને પહેલાથી વધારે ખુશ જોઇને સિકંદરને આશ્ચર્ય થયું. સિકંદરે કારણ પૂછ્યું તો સેનાપતિ બોલ્યો: સમ્રાટ , પહેલા હું ઊંચા હોદ્દા પર હતો ત્યારે લોકો મારાથી ડરતા હતા. મારી આજુ બાજુ ચાંપલા અને સ્વાર્થી લોકો ફરતાં હતાં. મને સાચી વાતની ખબર પડતી નહતી. હવે તેવું નથી લોકો મને ડર્યા વગર મળે છે અને પોતાની પરેશાની જણાવે છે. ગરીબોને મદદ કરવામાં અને એમની સેવા કરવામાં મને જે આત્મસંતોષ થાય છે તે અવર્ણનીય છે. મને જીવનની સાચી મૂડી કાર્ય સંતોષ થી મળે છે. તે સમજાયું છે તેવું સેનાપતિ સમ્રાટને ગર્વથી કહે છે.

જીવનમાં પદ તો આવે છે - જાય છે . પણ દરેક પરિસ્થિતિ જીરવી જાણે તે સાચો પરમ સંતોષી. આવા સંતોષી માનવોને શતશ નમન.





# શાળાની પ્રવૃત્તિઓ


## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા








ભૂમિકા બી. ચાવડા















હર્ષ એ. જોષી



માહી એમ. સોની





## શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨-૨૩ ની પ્રથમ સમૂહ પ્રાર્થના





GMDC

GSECL

Azadi Ka Amrit Mahotsav

International Day of Yoga

# INTERNATIONAL YOGA DAY

## 21st June

**S.K.V. Vidhyalaya - Varmanagar , Ta. Lakhapat (Kutch)**

**Organized by - GMDC Ltd. , Lignite Project - Panandhro**

Yoga for Harmony & Peace

